રાજ્ય સરકારના કર્મચારીઓ માટે (વર્ગ -૪ સિવાય) સામાન્ય ભવિષ્ય નીધિ (GPF) ખાતામાં નાણાકિય લેવડ દેવડ અંગેની માહિતી સંબંધિત કર્મચારીના મોબાઈલ નંબર પર SMS દ્વારા આપવાની યોજનાનું અમલીકરણ કરવા બાબત

ગુજરાત સરકાર,
નાણાંવિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૧૭-એ.જી-૪૮-ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ૧૯/૦૫/૨૦૧૭

// પરિપત્ર //

ભારત સરકારના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ રાજ્ય સરકારના સામાન્ય ભવિષ્ય નીધિ (GPF) ખાતુ ધરાવનાર (વર્ગ- ૪ સિવાયના) કર્મચારીઓને તેમના ખાતામાં નાણાકિય લેવડ દેવડ અંગેની માહિતી સંબંધિત કર્મચારીના મોબાઈલ નંબર પર SMS દ્વારા આપવાની યોજનાનું અમલીકરણ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. જે અંગે એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ સાથેના પરામર્શમાં રહી રાજય સરકારે આ યોજના અમલમાં મુકવાનો નિર્ણય કરેલ છે.

આ યોજનાના અમલીકરણ માટે પ્રથમ રાજ્ય સરકારના (વર્ગ-૪ સિવાયના) કર્મચારીઓની સામાન્ય ભવિષ્ય નીધિ ખાતા નંબર અને મોબાઈલ નંબરની માહિતી મેળવીને તૈયાર કરી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ કચેરીને મોકલી આપવાની થાય છે.

આથી રાજ્યના તમામ વહીવટી વિભાગ/ખાતના વડા/ કચેરીના વડાને તેમની હસ્તકના સર્વે અધિકારી/કર્મચારીઓ કે જેઓ G.P.F ખાતા ધરાવે છે તેમની નીચે દર્શાવ્યા મુજબના પત્રકમાં જે તે વહીવટી વિભાગ કક્ષાએ સંકલીત કરીને સત્વરે એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટને મોકલવા વિનંતી છે.

| Sr. NO. | Name of the Subscriber | GPF A/c Number | Mobile Number |
|---|---|---|---|
| | | | |

આ અંગે ચાલુ નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૫૦,૦૦૦/- ના અંદાજીત ખર્ચની જોગવાઈ બજેટ શાખા, નાણા વિભાગ દ્વારા કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ગૌરાંગ શાહ)
ઉપ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭, રાજકોટ/અમદાવાદ
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ.
નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

➢ પત્ર દ્વારા.

આઈટી કો-ઓર્ડીનેટર- નાણા વિભાગ ઠરાવની નકલ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.